## જન્મદિને વધામણી



મહેશ મોડ
રિજનલ ફાયર ઓફિસર
ગાંધીનગર રેન્જ
મો. ૯૮૯૮૮ ૩૨૨૨૨



મહેન્દ્રકુમાર હીરાલાલ સુખડીયા
મો. ૯૪૨૬૯ ૮૦૯૨૯



અરવિંદાબેન મહેન્દ્રભાઈ શાહ



મહેશકુમાર મોહનલાલ જાની
સેક્શન અધિકારી
વન-પર્યાવરણ વિભાગ
મો. ૯૮૭૯૪ ૮૪૪૫૬



શાંતિ ત્રિલોકસિંહ રાજપૂત



ઉર્મિ મહેશકુમાર પરમાર
મો. ૯૭૨૩૫ ૧૧૪૧૫



દિલીપભાઈ દરજી
મો. ૯૧૭૩૩ ૦૪૧૦૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# વિદ્યાર્થીઓ સીધા યુજીસીમાં રજિસ્ટ્રેશન કરાવી ઓનલાઈન અભ્યાસ કરી શકશે

### યુજીસી, એમએચઆરડીએ આ માટે ખાસ 'સ્વયં' નામનું પોર્ટલ બનાવ્યું

ગાંધીનગર, તા. ૧૪

કોલેજમાં નિયમિત અભ્યાસ ન કરી શકનારા વિદ્યાર્થીઓ માટે એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે અભ્યાસ કરવાની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. પરંતુ હવે જે વિદ્યાર્થીઓએ એક્સટર્નલ તરીકે પણ અભ્યાસ કરવો નથી તેઓ માટે યુજીસી અને એમએચઆરડી દ્વારા 'સ્વયં' નામનું નવું પોર્ટલ તૈયાર કરવામાં આવી રહ્યું છે. જેની મદદથી વિદ્યાર્થીઓ સીધુ યુજીસીમાં રજિસ્ટ્રેશન કરાવી શકશે. કોર્સ અને પ્રોગ્રામ પણ વિદ્યાર્થીઓને ઓનલાઈન અપાશે. આ માટે પ્રોગ્રામ તૈયાર કરવાની જવાબદારી હાલ જુદી જુદી ઈએમઆરસીને સોંપાઈ છે. અમદાવાદની ઈએમઆરસીએ ૧૫ કલાકનો 'પ્રાણી શાસ્ત્ર' પર પ્રોગ્રામ બનાવીને મોકલી દીધો છે. ડિજિટલ ઈન્ડિયાને સફળ બનાવવાના ભાગરૂપે એમએચઆરડી અને યુજીસી દ્વારા મેસિવ ઓનલાઈન ઓપન કોર્સિસ શરૂ કરવાનું નક્કી કરાયું છે. આ પ્રોગ્રામ માટે ખાસ અલગ પોર્ટલની રચના કરાઈ છે જેનું નામ સ્વયં છે. આ પોર્ટલ પરથી કોઈપણ વ્યકિત કોઈપણ કોર્સમાં પોતાનું ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. રજિસ્ટ્રેશનના આધારે પોર્ટલ પરથી દરેક વિષયના તૈયાર કરાયેલા પ્રોગ્રામો જોઈ અને જાતે ભણી શકશે. કોર્સ કર્યા પછી પરીક્ષા સહિતની કાર્યવાહી યુજીસી દ્વારા જ પૂરી કરીને સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવશે. આ પોર્ટલ માટેના એજ્યુકેશન પ્રોગ્રામો તૈયાર કરવાની જવાબદારી દેશની જુદી જુદી ઈએમઆરસી એટલે કે એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરને સોંપવામાં આવી છે. ગુજરાત યુનિવર્સિટીમાં આવેલી ઈએમઆરસીને પણ એક વિષય પર ૧૫ કલાકનો પ્રોગ્રામ તૈયાર કરવાનો આદેશ કરાયો હતો. જેના ભાગરૂપે છેલ્લા ૧૦ દિવસથી ઈએમઆરસીમાં 'પ્રાણીશાસ્ત્ર' વિષય પર ઓડિયો-વિડીયો પ્રોગ્રામ તૈયાર કરવાની કામગીરી શરૂ કરાઈ હતી. તાજેતરમાં આ કામગીરી પૂરી થતાં પ્રોગ્રામ યુજીસીને મોકલી આપવામાં આવ્યો છે. ૧૫ કલાકના ઓડિયો-વીડિયોમાં જુદા જુદા ૫૭ જેટલા કાર્યક્રમો તૈયાર કરીને મોકલી અપાયા છે. દરેક ઈએમઆરસીને પ્રોગ્રામ તૈયાર કરવા માટેના જુદા જુદા સમય આપવામાં આવ્યા હતા. ઓનલાઈન એજ્યુકેશનના પોર્ટલનું ઉદ્ઘાટન કદાચ પી.એમ. દ્વારા જ કરવામાં આવે તેવી પણ શક્યતા છે.

### નવજીવન ટ્રસ્ટ દ્વારા

# 'હિન્દ સ્વરાજ'ની ૧૦ આવૃત્તિનું આજે લોકાર્પણ કરવામાં આવશે



ગાંધીનગર, તા. ૧૪

મહાત્મા ગાંધીની કલમે, ગાંધીજીના હસ્તાક્ષરમાં, માતૃભાષા ગુજરાતીમાં લખાયું હોય અને જે હસ્તાક્ષરમાં છપાઈને પ્રસિદ્ધ થયું હોય તેવા ગાંધી સાહિત્યના એકમાત્ર પુસ્તક 'હિન્દ સ્વરાજ'ની વિવિધ ૧૦ આવૃત્તિનું લોકાર્પણ નવજીવન ટ્રસ્ટ દ્વારા બુધવાર, તા. ૧૫ જૂનના રોજ સાંજે ૬ કલાકે યોજવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં હિન્દ સ્વરાજના ઊંડા અભ્યાસી અને જાણીતા પત્રકાર દીપક સોલિયા હિન્દ સ્વરાજ વિશે વાત કરશે. ઉપરાંત દીપક સોલિયા અને પ્રણવ અધ્યારુ દ્વારા હિન્દસ્વરાજનાં અંશોનું સંવાદરૂપે વાચન પણ કરવામાં આવશે. નવજીવન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી વિવેક દેસાઈએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યં હતું કે 'સન ૧૯૦૯માં દક્ષિણ આફ્રિકાના ટ્રાન્સવાલ પ્રાંતના હિન્દી વસાહતીઓના પ્રશ્નો લઈને બ્રિટીશ સરકાર સાથે વાટાઘાટો કરવા બે પ્રતિનિધિઓ લંડન ગયેલા. ગાંધીજી એમાંના એક હતા. લંડનમાં ચારેક મહિનાનો વસાવટ સંકેલીને કિલડોનન કેસલ નામના જહાજમાં એ દક્ષિણ આફ્રિકા પાછા ફરવા નીકળેલા. દસ દિવસની એ મુસાફરી દરમિયાન ૩૭ વર્ષના યુવાન મોહનલાલ ગાંધીની કલમમાંથી જે અવતર્યું, એ એમના પછીના જીવનની પ્રસ્તાવના જેવું હતું. તે અવતરણ હિન્દ સ્વરાજ નામે જાણીતું બન્યું. ૨૦૦૯માં હિન્દ સ્વરાજની શતાબ્દી આવૃત્તિ નવજીવન ટ્રસ્ટે વિશિષ્ટ રીતે બહાર પાડી. તેમાં વર્ષોથી અપ્રાપ્ય હસ્તાક્ષર આવૃત્તિ ઉપરાંત નવજીવન પ્રકાશિત મૂળ ગુજરાતી, અંગ્રેજી અને હિન્દી આવૃત્તિઓનાં લખાણ પણ ક્લાસિક રીતે એકસાથે ગોઠવવામાં આવ્યાં હતાં. એ આવૃત્તિના પ્રસ્તુત પુનઃમુદ્રણ વખતે કેટલાક સંપાદકીય સુધારાઓ અને ઉમેરાઓ સાથે સામગ્રીની તાર્કિક વ્યવસ્થા કરી છે. વળી, અગાઉની આવૃત્તિમાં ન સમાવાયેલી કેટલીક પ્રસ્તાવનાઓ તેમજ કેટલીક અપ્રાપ્ય સામગ્રી શોધી, વીણીને અહીં એકત્ર થયેલી જોવા મળશે. આ પ્રકારના સંપાદકીય પરિશ્રમ પછી સંસ્કાર પામેલી હિન્દ સ્વરાજની વિશિષ્ટ આવૃત્તિ એક અખંડ અને અધિકૃત આવૃત્તિ બને છે, તેને રજૂ કરતાં અમને આનંદ થાય છે.'

### લ્યો બોલો !

# ભૂજમાં લોકોનો-વસ્તુઓનો પડછાયો ગાયબ થઈ ગયો!!!



ગાંધીનગર, તા. ૧૪

સોમવારે બપોરે સ્થાનિક મધ્યાહ્ન સમયે ભૂજમાં જમીન ઉપરની સીધી ઉભી રહેલી તમામ વસ્તુઓના પડછાયા થોડીવાર માટે દેખાવા બંધ થઈ જતાં કુતુહલ ફેલાયું હતું. આ માટેનો પ્રયોગ કચ્છ એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા યોજવામાં આવેલ હતો જેમાં વિવિધ વસ્તુઓને લંબ રેખામાં રાખવામાં આવી હતી. આમ તો રોજ બપોરના સમયે સૂર્ય માથે આવતો હોય છે પરંતુ સોમવારે ભુજ જેટલા અક્ષાંસ ધરાવતા તમામ સ્થળોએ બપોરે સુરજ એકદમ માથા ઉપર એટલે કે ૯૦ અંશ ઉપર આવી જતાં આવી ઘટના બની હતી.

આ બાબતે કચ્છ એસ્ટ્રોનોમી ક્લબના પ્રમુખ નરેન્દ્ર ગોર સાગરે માહિતી આપતાં જણાવ્યું હતું કે પૃથ્વીની ધરીના ઝુકાવને કારણે સુર્ય મકર વૃત અને કર્ક વૃત વચ્ચે ખસ્યા કરતો હોય છે. ભુજ કર્ક વૃતની નજીક હોઈ વર્ષમાં બે વખત કુદરતની પડછાયાની રમતનો લાભ મળે છે. તા. ૨૨ જુનના દક્ષિણાયન ના પ્રારંભ સાથે સૂર્યની મકર વૃત તરફની મુસાફરી શરૂ થતાં ફરીથી ૨૯ જુનના દિવસે પણ ભુજમાં બપોરે ૧૨ કલાક ૫૨ મિનિટે સૂર્ય માથા ઉપર આવતાં પડછાયા ગાયબ થવાની ઘટના અનુભવી શકાશે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

# ફાજલ શિક્ષકોને રક્ષણ મળશે છૂટા કરાયેલાને પુનઃ લેવાશે

### શૈક્ષણિક સંઘની શિક્ષણ મંત્રી સાથે મળેલી બેઠકમાં નિર્ણય

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની સોમવારે શિક્ષણમંત્રી અને શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે બેઠક મળી હતી. આ બેઠકમાં ફાજલ શિક્ષકો સહિતના જુદા જુદા મુદ્દાઓ પર વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને તા.૩૦મી જૂન ૧૯૯૮ પછી અને તા.૩૧મી ડિસેમ્બર ૨૦૧૫ સુધીમાં નિમણૂક પામેલા ગ્રાન્ટ ઈન એઈડ શાળાના કર્મચારીઓને ફાજલનું રક્ષણ અને તે દરમિયાન છૂટા થયેલા ૮૦થી ૯૦ શિક્ષકોને પરત લેવાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરાયો હતો. આ અંગેના સત્તાવાર ઠરાવ આગામી ૧૦થી ૧૫ દિવસમાં બહાર પાડવામાં આવશે. આ ઉપરાંત એન્ટ્રી લેવલ પે સ્કેલ અંગે સમગ્ર રાજ્યના ૧૭ જિલ્લાઓમાં આપવામાં આવેલા છે અને બાકીના જિલ્લાઓમાં આપવાની બાકી છે તે અંગે શિક્ષણ વિભાગમાંથી નાણાં વિભાગને ફાઈલ મોકલી પોલિસી તૈયાર કરાશે. ટ્રાન્સપોર્ટ એલાઉન્સ આપવા અંગે પણ ફાઈલ નાણાં વિભાગને મોકલાશે. માધ્યમિક વિભાગમાં એક એક વર્ગની શાળામાં એક આચાર્ય અને ૩ શિક્ષકો આપવા અંગેની કાર્યવાહી કરાશે. ધો.૧૧-૧૨ સામાન્ય પ્રવાહની શાળાઓમાં જ્યાં આર્ટ્સ અને કોમર્સ વૈકલ્પિક વિષયો ચાલતા હોય ત્યાં વધારાનો શિક્ષક આપવા અંગે ઘટતી કાર્યવાહી કરાશે. ગ્રાન્ટ ઈન એઈડ પીટીસી કોલેજોમાં ૧૯ અધ્યાપકોને છૂટા કરવામાં આવ્યાં છે તેમને નોકરીમાં પુનઃસમાવવાની કાર્યવાહી કરાશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હાઉસફૂલ ૩
૧.૦૦, ૪.૦૦,
૭.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
ટીન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૪૫

**સ્ક્રીન-૩**
વૉરક્રાફ્ટ (૩ડી અંગ્રેજી)
૨.૩૦, ૭.૩૦
વૉરક્રાફ્ટ (૩ડી હિન્દી)
૫.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૪**
હાઉસફૂલ-૩
૧૦.૦૦
દો લફ્ઝોં કી કહાની
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫


## ફિનાર ફાઉન્ડેશન દ્વારા વિદ્યા આરંભ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

ફિનાર ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા શાળા પ્રવેશોત્સવ ૨૦૧૬ નિમિત્તે 'વિદ્યા આરંભ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સરખેજથી બાવળા વિસ્તારમાં સ્થિત ૭ જેટલાં ગામોની સરકારી પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ લઈ રહેલાં ૧૪૦ વિદ્યાર્થીને સ્કૂલબૅગ તથા નોટબૂક-કંપાસની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કંપનીના કામદારોનાં બાળકો માટે ૨૦૦ ડઝન નોટબૂક્સનું વિતરણ પણ દર વર્ષની માફક કરવામાં આવ્યું હતું.

ફિનાર ફાઉન્ડેશન શિક્ષણ, આરોગ્ય અને પર્યાવરણ ક્ષેત્રે કાર્યરત છે અને સરખેજથી બાવળા, બગોદરા સુધીના વિસ્તારની આશરે ૪૦ શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિવિધ કાર્યક્રમોનું આયોજન આ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે.

# વ્યક્તિની મૂળ ઓળખ ગુમાવવાની વેદના




હું માધ્યમિક શાળામાં અભ્યાસ કરતો હતો તે સમયનો મારો એક ખાસ મિત્ર. લગભગ ઓગણીસ વર્ષની ઉમરે તે પોતાના મા-બાપ અને બે નાના ભાઈઓ સાથે લંડન જઈને વસ્યો. તેના મા-બાપ પાસે ગ્રીન કાર્ડ હતું. પ્રસંગોપાત તે ભારતની મુલાકાતે આવતો રહેતો પણ મને તે પાંત્રીસ વર્ષ પછી પહેલીવાર મળ્યો. તેને હું આટલા વર્ષ પછી મળ્યો ત્યારે હું તો આનંદ સાથે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. પાંત્રીસ વર્ષ પહેલા હતી એવી જ અસ્સલ બોલી, એવી જ બોલવાની લઢણ, એવો જ બોલવાનો લહેકો અને એવા જ અસ્સલ દેશી કાઠિયાવાડી શબ્દો. પાંત્રીસ વર્ષ પહેલા હતી જ એવી પોરબંદરની બોલીની છાંટ. હા, અંગ્રેજી પણ એ ફાંકડુ અંગ્રેજો જેવુ જ બોલી શકતો હતો. આશ્ચર્ય સાથે મેં પૂછ્યું કે અંગ્રેજો સાથે, અંગ્રેજોનાં દેશમાં આટલા વર્ષો સૂધી રહ્યો તો પણ બોલી અને બોલવાની લઢણ અને લહેકામાં જરા પણ ફેરફાર ના થયો એનું કારણ શું ? મારા મિત્રએ ગૌરવભેર સુંદર જવાબ આપ્યો. તેણે કહ્યું કે ગુજરાતી જુની કહેવત છે કે 'દેશ એવો વેશ', એ કહેવત ને અનુસરું છું પણ સાથે સાથે મારી મારી મૂળ ઓળખને જાળવી રાખવા સતત પ્રયત્નશીલ છું. તેણે એવું પણ કહ્યું કે આપણી બોલી, આપણાં રીત-રિવાજો, આપણી મૂળ રહેણી-કરણીને ગુમાવ્યા વિના, તેનું સતત જતન કરીને લંડન સમાજમાં પણ અમે અમારી ઓળખ ઊભી કરી છે. મૂળ ઓળખ જાળવી રાખવા અમારું કુટુંબ સતત કાળજી રાખે છે અને બાળકોનો પણ એવી જ રીતે ઉછેર કર્યો છે અને બાળકોમાં સંસ્કારોનું પણ એવી જ રીતે સિંચન કર્યું છે.

ભારતીય સમાજના એક રિવાજને આપણે સૌ જાણીએ છીએ. લગ્ન પછી સ્ત્રીની અટક બદલવાનો રિવાજ. લગ્ન પછી દરેક સ્ત્રીના નામની પાછળ પતિની અટક લાગી જાય છે. સમાજની નાનામાં નાની વ્યક્તિથી માંડીને નામાંકિત કે ઉચ્ચતર હોદો ધરાવતી વ્યક્તિ પણ આ રિવાજથી બાકાત નથી. હવે તેમાં થોડો બદલાવ આવ્યો છે, સ્ત્રી પોતાના નામની પાછળ પોતાની મૂળ અટક રાખે છે ને પાછળ પતિની અટક પણ જોડે છે. ઉદાહરણ તરીકે ઐશ્વર્યા રાય બચ્ચન. આ બદલાવ નામાંકિત વ્યક્તિઓમાં વધારે જોવા મળે છે. આ રિવાજમાં ક્યાંક આપવાદો પણ જોવા મળે છે.



જાણીતા ફિલ્મ દિગ્દર્શક આર.બાલ્કીની (ચીની કમ અને પા) પત્ની ગૌરી શિંદેના નામની પાછળ બાલ્કીની અટક નથી લાગતી. એક ટી.વી. ઈન્ટરવ્યૂમાં આર.બાલ્કીને આ વિષે એક પત્રકારે પૂછ્યું તો બાલ્કીએ જવાબ આપતા કહ્યું કે ગૌરી, મારી પત્ની ગૌરી શિંદે તરીકે જાણીતી હોય તો પણ એ મારી પત્ની નથી માટી જતી. ગૌરીની ગૌરી શિંદે તરીકેની ફિલ્મજગતમાં એક આગવી ઓળખ છે જે ઓળખને અમે કાયમી રાખવા માંગીએ છીએ. લગ્ન પછી સ્ત્રીની અટક બદલવાના રિવાજની સાથે સાથે કેટલાક સમાજ અને કુટુંબોમાં લગ્ન પછી સ્ત્રીનું નામ બદલવાનો પણ રિવાજ થઈ ગયો છે. આપણા સમાજમાં રાશી ઉપરથી નામ રખવાનું મહત્વ છે એટલે સ્ત્રીનું લગ્ન પછી તેના નામની રાશીનું જ બીજું નામ રાખવામા આવે છે તો ક્યારેક રાશી પણ બદલીને નામ બદલવામાં આવે છે. આ રિવાજને લઈને એક પ્રસંગ યાદ આવે છે. એક સંબંધીના દિકરાની સગાઈ હતી. ગોળધાણા ખાવાની વિધી કરવાની હતી. એટલે વરપક્ષની બાર-પંદર વ્યક્તિઓ અને કન્યાપક્ષની પણ લગભગ એટલી જ વ્યક્તિઓ એકઠી થઈ હતી. બધાં જ એક હોલમાં એકઠા થયા હતા. ગોળધાણાની વિધી પૂરી થઈ. બધા જ લોકોની ઉપસ્થિતિ વચ્ચે વરના પિતાએ એક પ્રસ્તાવ મૂક્યો, પ્રસ્તાવ હતો કન્યાનું નામ બદલવાનો. સાથે સાથે તેમના કુટુંબે કન્યાનું બીજું પસંદ કરેલું નામ પણ સૂચવ્યું. આ પ્રસ્તાવથી કન્યા-પક્ષની અન્ય વ્યક્તિઓને બહુ અસર ના થઈ પણ પ્રસ્તાવ સાંભળતા જ કન્યા તો અવાચક જ થઈ ગઈ અને પછી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. બધાં જ સગા-વહાલાઓની વચ્ચે કન્યાએ પોતાના બે હાથ જોડી, રડતાં-રડતાં, હિમતભેર વરના પિતાને વિનંતી કરી કે પોતાનું નામ બદલવાનું રહેવા દો. કન્યાએ કહ્યું કે પોતાને પોતાનું નામ ખૂબ જ ગમે છે. જન્મથી જ એટલે કે છેલ્લા પચીસ વર્ષથી પોતાને પોતાના નામ સાથે લગાવ થઈ ગયો છે. પોતાને પોતાના નામ સાથે પ્રેમ છે. પોતે પોતાની ઓળખ ગુમાવવા નથી ઈચ્છતી. પોતાના મા-બાપ, ભાઈ-બહેન અને પોતાના કુટુંબીજનો પોતાના નામનો જે ટહુકો કરીને બોલાવે છે તે પોતાને ખૂબ વહાલો અને લાડલો લાગે છે. એટલે કન્યાએ સૌને વિનતિ કરી કે સાસરીપક્ષ વાળા જે કંઈ કહે તે પોતે બધું જ કરવા તૈયાર છે પણ તેઓ પોતાના નામને બદલવાનો આગ્રહ ના રાખે તો સારૂ.

કન્યાની વાત સાંભળતા જ આખાય હોલમાં સન્નાટો છવાઈ ગયો. કન્યાના માતા-પિતા તો અવાચક જ થઈ ગયા. વરના પિતા પરિસ્થિતી ને જાણી ગયા. કન્યાની લાગણીને પણ તેમણે જાણી લીધી અને તરત જ વરના મા-બાપે કન્યાની વિનંતી સ્વીકારી લીધી અને કન્યાનું નામ બદલવાનો પ્રસ્તાવ પાછો ખેંચી લીધો. અને કહ્યું કે દિકરીની મરજી એ જ અમારી મરજી. કન્યા અને તેના કુટુંબીજનો રાજી થયા. એ વર-કન્યાના લગ્ન પણ થઈ ગયા. આ પ્રસંગ પછી એ બંને કુટુંબો વચ્ચે આ વાતનો ક્યારેય ઉલ્લેખ પણ થયો નહિ. લગ્ન પછી પણ કન્યા બંને પક્ષોમાં પોતાના મૂળ નામે જ ઓળખાય છે.

દરેક વ્યક્તિની પોતાની મૂળ ઓળખ પ્રિય હોય છે. વ્યક્તિની પોતાની મૂળ ઓળખને હંમેશા ચાહતી હોય છે. વ્યક્તિ પોતાની મૂળ ઓળખને ક્યારેય ગુમાવવા નથી ઈચ્છતી હોતી. પોતાનું મૂળ નામ, મૂળ અટક, મૂળ ભાષા, પોતાની મૂળ બોલી, પોતાનો મૂળ ખોરાક, પોતાના મૂળ રીત-રિવાજો, પોતાનું મૂળ વતન, કે પોતાની મૂળ ઓળખ પ્રત્યે દરેક વ્યક્તિને ખૂબ જ લગાવ હોય છે. એ મૂળ ઓળખને જો કોઈ ઝૂંટવી લે તો વ્યક્તિ એ વેદના સહન ના કરી શકે. વ્યક્તિએ પોતે પણ પોતાની મૂળ ઓળખનું જતન કરવાનું હોય છે. સમાજની દરેક વ્યક્તિની મૂળ ઓળખનું રક્ષણ કરવું એ સમાજની પણ ફરજ છે. પોતાની મૂળ ઓળખ ગુમાવી બેઠેલી વ્યક્તિના હાલત 'ના ઘરના કે ના ઘાટના' જેવા થાય છે. એ વેદના, એ દુઃખ, એ વ્યથા તો ભોગવનાર વ્યક્તિ જ જાણી શકે. ચાલો,

આપણે સૌ આપણી મૂળ ઓળખનું જતન કરીએ અને આપણી આસપાસની વ્યક્તિની મૂળ ઓળખની રક્ષા કરીએ.

## વાચકોને આમંત્રણ

### 'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

જૂન માસનો વિષય છે :

**'મારા પ્રેમાળ પાડોશી'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના પાડોશીનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે